GJBK040046502022

**ડીસાના મે. ત્રીજા એડી.ચીફ.જયુ.મેજી. સાહેબની કોર્ટમાં, મુ.ડીસા.**

**આંક–**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :(૪) વખતસિંહ ઉર્ફે ટીનાજી લાલાજફી ઠાકોર
રહે.જાબડીયા, તા.ડીસા, જી.બનાસકાંઠા

**ગુનો : જુગાર ધારાની કલમ–૧ર મુજબ.**

**<u>ક બુ લા ત ઠ રા વ</u>**

૧. આ કામ ફરીયાદીની ફરીયાદના આધારે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર તરફથી તપાસના અંતે હાલના તહોમતદારો વિરૂધ્ધ જુગાર ધારાની કલમ–૧ર મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરી આક્ષેપ મુકવામાં આવેલ છે.

ર. આ કામમાં આરોપીઓની પ્લી લેતાં આરોપીઓએ તેઓના વિરુધ્ધના ગુનાની સ્વૈચ્છિક રીતે કબુલાત કરેલ છે અને ગુના કબુલાતની પુરસીસ આપેલ છે.

૩. આરોપીઓ ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે અને ફરીથી આ પ્રકારનો ગુનો કરશે નહીં તેવી ખાત્રી આપે છે. આરોપીઓએ આ અદાલતમાં પોતાના ગુનાની કબુલાત કરેલ હોઈ આરોપીઓની દયાની માંગણી ગ્રાહય રાખવાને પાત્ર છે અને આરોપી પ્રત્યે હળવું વલણ અખત્યાર કરવાનું આ અદાલત માને છે અને આ સંજોગોમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે આરોપીઓને જુગાર ધારાની કલમ–૧૨ ના ગુનામાં દોષિત ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને જુગાર ધારાની કલમ–૧૨ ના ગુના અન્વયે રૂા.૨૦૦/–(અંકે રૂપીયા બસો પુરા)દંડ કરવામાં આવે છે અને આરોપી દંડ ન ભરે તો આરોપી દીઠ દિન–૭ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. (કુલ દંડ રૂા. ૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા).

(૨) મુદામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવી અને બીનકિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ: ડીસા.

**(પંકજ સુધીરભાઈ શાહ)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ડીસા
કોડ નં.જીજે ૦૧૪૧૪